# જાહેરાત

**સંકલિત બાળ વિકાસ યોજના (ICDS) અંતર્ગત આઈસીડીએસ શાખા, જિલ્લા પંચાયત મોરબી દ્વારા કાર્યરત મોરબી જિલ્લાની આંગણવાડી કાર્યકર/તેડાગરની જગ્યાઓ અંગે ઓનલાઈન ભરતી માટેની જાહેરાત સન ૨૦૨૦-૨૧**

| આઈસીડીએસ શાખા, જિલ્લા પંચાયત મોરબી હસ્તકના ઘટકોની આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી કાર્યકર/તેડાગરની માનદવેતનથી નિમણૂક કરવાની થતી હાલની ખાલી જગ્યાઓ તથા સંભવિત ખાલી થનાર જગ્યાઓની વિગત (અરજી માટેની વેબસાઈટ https://e-hrms.gujarat.gov.in) | | | |
|---|---|---|---|
| તાલુકાની સંખ્યા | ઘટકની સંખ્યા | આંગણવાડી કાર્યકરની હાલની ખાલી જગ્યા/ સંભવિત ખાલી જગ્યા | આંગણવાડી તેડાગરની હાલની ખાલી જગ્યા / સંભવિત ખાલી જગ્યા |
| ૫ | ૭ | ૯૬ | ૧૨૩ |

- મહિલા ઉમેદવાર જે તે આંગણવાડી કેન્દ્ર વિસ્તારની સ્થાનીક રહેવાસી હોવી જોઈએ તથા તે અંગેની મામલતદારશ્રી દ્વારા ઇસ્યુ કરેલ જનસેવા કેન્દ્રનું નિયત નમુનાનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.જરૂરી છે.પરંતુ સઘન પ્રયત્નો કરવા છતા સ્થાનિક ઉમેદવાર ન મળ્યેથી સ્થાનિક રહેવાની શરતે સ્થાનિક સિવાયના ઉમેદવારો પાસેથી પણ અરજીઓ મંગાવવામાં આવે છે.
- અરજી કરવાની છેલ્લી તારીખને કટ ઓફ ડેટા ગણવામાં આવશે. અરજી કરવાની છેલ્લી તારીખે અરજદારની ઉંમર, શૈક્ષણિક લાયકાત અને અન્ય નિયત લાયકાત માટેના માપદંડ પૂર્ણ થયેલા હોવા જોઈએ.
- આંગણવાડી કાર્યકર/તેડાગરની માનદ સેવામાં પસંદગી માટે અરજી કરનાર મહિલા અરજદારની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૧૮ વર્ષ પૂર્ણ હોવી જોઈએ અને ૩૩ વર્ષથી વધુ ના હોવી જોઈએ. અગ્રતા ધોરણે આંગણવાડી કાર્યકરને માનદસેવામાં પસંદગી માટે અરજી કરનાર તેડાગરની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૪૩ વર્ષથી વધુ ના હોવી જોઈએ.
- અરજી માટે વેબસાઈટ https://e-hrms.gujarat.gov.in ઉપર દર્શાવેલ સૂચનાઓ અને નિયમો વાંચીને અંગ્રેજીમાં ફોર્મ ભરવાનું રહેશે. ઓનલાઈન અરજી જાહેરાત પ્રસિધ્ધ થયાથી દિન-૨૧ માં તા.૧૧/૦૮/૨૦૨૦ થી તા.૩૧/૦૮/૨૦૨૦ રાત્રે ૧૨:૦૦ કલાક સુધીમાં કરવાની રહેશે.
- ઓનલાઈન અરજી ઉપરોક્ત દર્શાવેલ વેબસાઈટમાં આપેલ વિગતો પ્રમાણે કરી શકાશે. આંગણવાડીની ખાલી જગ્યાઓમાં અરજી કરવા માટે જે તે આંગણવાડી કેન્દ્રોને પસંદ કરી આંગણવાડી કાર્યકર/તેડાગર માટે અરજી કરવાની રહેશે.
- આંગણવાડી કાર્યકર/તેડાગરની માનદસેવામાં પસંદગી માટે સામાન્ય શરતો મુજબની લાયકાત, ઉંમર અને શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોની ઓનલાઈન મેરીટ યાદી બનાવવામાં આવશે. આંગણવાડી કાર્યકર અને આંગણવાડી તેડાગરની શૈક્ષણિક લાયકાત અનુક્રમે ધોરણ-૧૨ પાસ અને ધોરણ-૧૦ પાસ છે. જો કે વધુ લાયકાત ધરાવતા ઉમેદવાર અરજી કરી શકશે. શૈક્ષણિક લાયકાત અને પ્રાપ્ય ગુણના ભારાંક અન્વયે મેરીટ યાદી તૈયાર થશે. ખાલી જગ્યા ભરવા માટે વિચારણા હેઠળના આંગણવાડી કેન્દ્રવાર ઓનલાઈન મેરીટ યાદી નિયત પદ્ધતિ અનુસરીને જાહેર કરવામાં આવશે.
- આ માટેની અરજી કરવાની પદ્ધતિ અને માર્ગદર્શિકા ઉપરોક્ત વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.
- વધુ માહિતી માટે મોરબી જિલ્લાના સંબંધિત તાલુકાના બાળ વિકાસ યોજના અધિકારી (CDPO) આઈસીડીએસ કચેરીનો સંપર્ક કરવો.

સહી-(અવાચ્ય)

**જિલ્લા વિકાસ અધિકારી**

**જિલ્લા પંચાયત મોરબી**

નં.આઈસીડીએસ/વશી/

Scanned with CamScanner